# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૪ તા.૦૧-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પ (બીજો તબક્કો) / જિલ્લા ફેર બદલી કેમ્પ/ જિલ્લા વિભાજન બદલી કેમ્પનું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ- નિયામકશ્રી, પ્રા.શિ., ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/ ૨૦૨૩/૪૯૧૩-૪૯૬૫, તા. ૨૮-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નિયામકશ્રી, પ્રા. શિ. , ગુ.રા., ગાંધીનગરના તા. ૧૮-૦૫-૨૦૨૩ ના પત્રથી જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ હતો. જેની કાર્યવાહી તા.૦૨-૦૭-૨૦૨૩ ના રોજ પૂર્ણ થતી હોવાથી જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પના બીજા તબક્કાનું આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ આયોજન કરવામાં આવેલ છે. જેની નોંધ તમામ શિક્ષકોએ લેવાની રહેશે.

બિડાણઃ સંદર્ભિત પત્ર

તા.૦૧-૦૭-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2023/૪૯૨૩-૪૯૬૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૨૮/૦૬/૨૦૨૩.

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પ(બીજો તબક્કો)/ જિલ્લા ફેર બદલી કેમ્પ/જિલ્લા વિભાજન બદલી કેમ્પનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ:-** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/112012/621065/ક (પાર્ટ-1), તા.11/05/23

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવથી વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના સંકલિત બદલી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના તા:-18/05/2023 ના પત્રથી જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ હતો.જેની કાર્યવાહી તા:-02/07/2023 ના રોજ પૂર્ણ થતી હોવાથી જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પના બીજા તબક્કાનું આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ આયોજન કરવાનું રહેશે.

ત્યારબાદ તા.21/07/2023 ના રોજ જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પના બીજા તબક્કાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જે જિલ્લામાં જિલ્લા વિભાજન બદલીની કાર્યવાહી કરવાની થતી હોય તો શિક્ષણ વિભાગના તા:-11/05/2023 ના ઠરાવથી પ્રસિદ્ધ બદલી નિયમો અન્વયે કરવાની થતી બદલીઓની જોગવાઈ અનુસાર જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અનુસાર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન જિલ્લા વિભાજન કેમ્પનું આયોજન જે તે સંબંધિત જિલ્લાએ કરવાનું રહેશે.

- **જિલ્લા વિભાજન કેમ્પ કાર્યક્રમ:- તા:- 24/07/2023**

જિલ્લા ફેર બદલી કેમ્પનું આયોજન નીચે મુજબ કરવાનુ રહેશે.

- **જિલ્લા ફેર બદલી કેમ્પ કાર્યક્રમ:- તા:- 26/07/2023 થી તા:- 28/07/2023**

**સૂચનાઓ:-**

૧. જિલ્લાફેર બદલી અન્વયે સંબધિત અરજદારને કેમ્પમાં ઉપસ્થિત રહેવા અંગેની જાણ કેમ્પના ૦૭ દિન પહેલાં થઇ જાય તે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસાનાધિકારીશ્રી એ સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૨. જિલ્લા ફેર બદલી કેમ્પ આયોજિત થાય તે પહેલાં સંબંધિત જિલ્લામાં અરજદાર શિક્ષકોની જિલ્લાફેર માટે આવેલ અરજીઓ પરત્વે શિક્ષણ વિભાગના તાઃ ૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવની જોગવાઇઓ મુજબ શ્રેયાનતા યાદી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

૩. શિક્ષણ વિભાગના તાઃ-૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવની જોગવાઇ મુજબ શિક્ષણ વિભાગ કે નિયામક કચેરી દ્વારા કરવામાં આવેલ બદલીના હુકમમાં આપેલ સૂચના અનુસાર અમલીકરણ બાકી હોય તો, તે પૂર્ણ કરી ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાઓ જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી કેમ્પ(બીજા તબક્કા)/જિલ્લા વિભાજન/જિલ્લાફેર કેમ્પમાં બતાવવાની રહેશે.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશાનુસાર,

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ- જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી(બીજો તબક્કો) નું સમયપત્રક

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

# વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક /ઉચ્ચ પ્રાથમિક શિક્ષક
# જિલ્લા આંતરિક(ઓનલાઈન) બદલી કેમ્પ કાર્યક્રમ જુલાઇ-૨૦૨૩
# (બીજો તબક્કો)

| કેમ્પના આયોજનનું સમયપત્રક (બીજો તબક્કો) | | |
|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
| 1 | તા:-03/૦૭/૨૦૨૩ થી તા:-૦૫/૦૭/૨૦૨૩ | ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન એન્ટર કરવાની કામગીરી **(જિલ્લા કક્ષાએ)** |
| 2 | તા:-૦૬/૦૭/૨૦૨૩ થી તા:-૦૮/૦૭/૨૦૨૩ | શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી **(ઉમેદવાર દ્વારા)** |
| 3 | તા:- ૦૯/૦૭/૨૦૨૩ | અરજી સુધારવા/રદ કરવા તેમજ પ્રિન્ટ કાઢવાની કામગીરી **(ઉમેદવાર દ્વારા)** |
| 4 | તા:-૧૦/૦૭/૨૦૨૩ થી તા:-૧૧/૦૭/૨૦૨૩ | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને માન્ય/અમાન્યના કારણ સહિત જિલ્લા કક્ષાએ રજુ કરવાની કામગીરી **(તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા)** |
| 5 | તા:-૧૨/૦૭/૨૦૨૩ થી તા:-૧૯/૦૭/૨૦૨૩ | તાલુકા કક્ષાએથી અમાન્ય ઠરેલ અરજી સામે આધાર પુરાવા સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને વાંધો રજૂ કરવા માટેનો સમયગાળો.**(ઉમેદવાર દ્વારા)**<br>જેમ જેમ તાલુકા કક્ષાએ માન્ય/અમાન્ય થયેલ અરજીઓ પોર્ટલમાં જિલ્લાને રજૂ થાય તેની જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી લેખિત કારણ સહિત અરજદારને જાણ કરવાની અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી **(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા)** |
| 7 | તા:-૨૦/૦૭/૨૦૨૩ | રાજય કક્ષાએ વેરિફિકેશનની કામગીરી |
| 8 | તા:-૨૧/૦૭/૨૦૨૩ | ઓર્ડર ઇશ્યૂ કરવાની કામગીરી |